# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 4109-5. તારીખ : 19-6-19

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
શ્રી નીલેશ શાહ
અમી, ઓસવાલ -૫ કોલોની, સુમેર ક્લબ રોડ,,
મું. પો. : જામનગર, તા. : જામનગર, જી. : જામનગર,

મોબાઈલ : ૯૮૨૪૨૧૧૬૬૮

વિષય : ભરપાઈ કરેલ ડીપોઝીટ ની રકમ- ગ્રા નં ૩૨૨૦૧ /૫૦૫૨૦/૯ અન્વયે - પરત મેળવવા બાબત .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૨-૦૪-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૧/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જામનગર શહેર-૧.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પટેલ કોલોની જામનગર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/ક્વા-૧/૨૦૧૯-૨૦/** તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૧/ક્વા-૧/૨૦૧૯-૨૦

| | |
|---|---|
| અરજદાર: | શ્રી નીલેશ શાહ ગામ: જામનગર |
| રજૂઆત કરનાર: | અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે જ્ઞાન શ્રી વાસ્તવ હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – જામનગર શહેર-૧ |
| રજૂઆત કરનાર: | કાર્યપાલક ઈજનેર શ્રી એન. એફ. દોશી વિભાગીય કચેરી – જામનગર શહેર-૧ |

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ - એન.ડી.ધામેલીયા

| | |
|---|---|
| **સુનાવણી સ્થળ:** | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર |
| **તારીખ:** | ૧૧-૦૬-૨૦૧૯ (મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૧-૦૬-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ Applicant had name in M/s, Navyug confectionery, Connection no – 32201/50520/9, Meter No. 00403883. This connection was disconnected during Feb-98. Thereafter, Consumer had applied for refund the deposit amount. In this regard Applicant has taken various follow-up and application to concerned office for refund of S.D. But no action has been taken by concerned office. Hence, applicant has requested to forum for refund of S.D.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ગ્રાહક નં.૩૨૨૦૧/૫૦૫૨૦/૯, મેં. નવયુગ કોન્ફેક્સરી, એમ.પી.શાહ ઉદ્યોગ, જામનગર ની ફરિયાદ ના અનુસંધાને અગાઉ ગ્રાહક દ્વારા પીજીવીસીએલની કચેરીએ કોઈ પ્રકારની ડિપોઝીટ રિફંડ ની અરજી કરવામાં આવેલ ન હતી. અને ત્યારબાદ ગ્રાહકને ટેલિફોનિક જાણ કરી અત્રેની કચેરીએ અરજી કરવાનું સૂચન કરેલ અને ગ્રાહક દ્વારા તા.૨૦/૦૫/૨૦૧૯ ના રોજ અત્રેની કચેરીએ અરજી કરેલ.

૩.૧ ત્યારબાદ ગ્રાહકની અરજીના અનુસંધાને સદર વિજ જોડાણ ની તપાસ કરતાં સદર ગ્રાહક સાત-રસ્તા પેટા વિભાગ ની માસ્ટર ફાઇલ, LT BILLING,તથા LT MIS માં જોતાં સદર ગ્રાહક ની કોઈ જ પ્રકારની વિગત જાણવા મળતી નથી. તથા

તે કનેક્શન ની ફાઇલ પણ ઉપલબ્ધ નથી. ત્યાર બાદ સાત-રસ્તા પેટા વિભાગ નું વર્ષ ૨૦૦૭ માં પટેલ કોલોની પેટા વિભાગ માથી વિભાજન કરવામાં આવેલ હતું. તો તે બાબતે પટેલ કોલોની પેટા-વિભાગીય ને પત્ર નં. SRSD/REV/2019/1038 DT: 21/05/2019 ના રોજ પત્ર લખી સદર વિજ કનેક્શન ની માહિતી મંગાવેલ પરંતુ પટેલ કોલોની પેટા વિભાગ દ્વારા પત્ર નં. પીટીએલ/રેવ/19/1449 તારીખ-30/05/2019 ના રોજ તેઓએ પણ રેકોર્ડ ઉપલબ્ધ નથી તેમ જણાવેલ.

૩.૨ ઉપરોકત વિગતે સાત-રસ્તા પેટા-વિભાગીય કચેરી દ્વારા ગ્રાહક ને તેના વિજ જોડાણની ઓરિજિનલ રસીદ તથા તેની નકલ લઈ ઓફિસ માં રજુ કરવા જણાવેલ છે. તે રજુ કર્યે કંપનીના નિયમ અનુસાર ડિપોઝીટ રિફંડ ની કાર્યવાહી કરી શકાય. અરજદાર - ગ્રાહક નંબર 32201/50520/9 થી નવયુગ કૉફેંસરી કંપની ના નામ થી વીજ જોડાણ ધરાવતા હતા.

3.3 અરજદાર દ્વારા તા 20/05/2019 ના રોજ ડિપોઝીટ રિફંડ માટે અત્રે ની કચેરી એ અરજી કરેલ પરંતુ આપે સિક્યુરીટી ડિપોઝીટ ની ઓરિજનલ રસીદ અથવા તેની નકલ સામેલ કરેલ નથી અને આપનું આ વીજ જોડાણ ખુબજ જૂનું હોય પેટા-વિભાગીય કચેરી માં અરજદારનો કોઈ રેકોર્ડ ઉપ્લબ્ધ નથી. જેથી અરજદારશ્રી ને ઓરિજિનલ રસીદ અથવા નકલ રજૂ કરવા પીજીવીસીએલ દ્વારા કંપની ના નિયમો અનુસાર યોગ્ય કાર્યવાહી કરી શકાય.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ગ્રાહક નં.૩૨૨૦૧/૫૦૫૨૦/૯, મેં. નવયુગ કોન્ફેંસરી, એમ.પી.શાહ ઉદ્યોગ, જામનગર ખાતે ધરાવતા હતા. સદર વીજજોડાણ માહે ફેબ્રુઆરી–૧૯૯૮ માં બંધ થયેલ હોય – જે વીજજોડાણ પેટે ભરપાઈ કરેલ ડિપોઝીટ ની રકમ – મેળવવા માટે અરજદાર દ્વારા અગાઉ પીજીવીસીએલ ની કચેરીમાં લેખીતમાં અરજી કરેલ હોય, તેના કોઈ આધાર–પુરાવા રજુ કરેલ નથી. સદર બાબતે અરજદાર દ્વારા સીધી અરજી તા.૨૨–૦૪–૧૯ થી ફોરમ સમક્ષ રજુ કરાયેલ છે.

૪.૨ સદર કેઈસ મા, અરજદાર ની રજુઆત મુજબ – સામેવાળા દ્વારા સદર વીજજોડાણ અન્વયે ડિપોઝીટ ની રકમ મુદદા નં. ૩.૩ મુજબ ની વિગતે – જો અરજદાર દ્વારા – સદર ડિપોઝીટ ની રકમ રીફંડ મેળવવા માટે ની અરજી તેમજ ડિપોઝીટ ભર્યા ની ઓરીજીનલ રસીદ રજુ કર્યે થી, અથવા જો ઓરીજીનલ રસીદ અરજદાર પાસે ઉપલબ્ધ ન હોય તો – પીજીવીસીએલ કંપની ના નિયમ મુજબ – રૂ.૧૦૦/– ના સ્ટેમ્પપેપર ઉપર ભરેલ ડિપોઝીટ ની રકમ – રસીદ નંબર, તારીખ વગેરે વિગતો સોગંદનામા સાથે રજુ કર્યે થી – પીજીવીસીએલ કંપની ના નિયમ મુજબ – અરજદાર ને ડિપોઝીટ ની રકમ રીફંડ આપવાની કાર્યવાહી હાથ ધરવામા આવશે.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોકત વિગતો ધ્યાને લેતા – નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૦૨/૨૦૧૧ ના મુદદા નં. ૨.૩૦ (૩) મુજબ – '' કાર્ય નુ કારણ ઉભુ થાય તે તારીખ થી ૦૨ વર્ષ પછી નોધણી કરાવેલ – ફરીયાદ કેઈસો'' સબબ ના કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે અત્રે ફોરમ તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી અરજદારશ્રી તરફથી મળેલ અરજી દફતરે કરવામાં આવે છે.

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Rajkot

કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯